

# અમેરિકા અને આપણે

**હમણાં હમણાંથી એવું જાણવામાં આવ્યું છે કે ગુજરાતના અનેક લોકો, જેઓ અમેરિકામાં સ્થળાંતર કરવા ઈચ્છતા હતા, ગેરકાયદેસર ત્યાં ઘૂસવા ઈચ્છતા હતા એમને વિઝા કન્સલ્ટન્ટોએ લાખો રૂપિયામાં છેતર્યા છે અને અનેકોએ એમના જીવ પણ ખોયા છે**

અમેરિકા વિઝા ગાઈડ
★ ડો. સુધીર શાહ (એડવોકેટ-મુંબઇ)

ભારત પ્રગતિના પંથે હોવા છતાં અમેરિકા જવાની ગુજરાતીઓની ઘેલછામાં દિવસે દિવસે વધારો જ થતો રહ્યો છે. એમ કહોને કે ગુજરાતીઓને સ્થળાંતર કરવાનું ઘેલું લાગ્યું છે. આમ છતાં જે દેશમાં એમને સ્થળાંતર કરવું હોય એ દેશના ઈમિગ્રેશનના કાયદાઓ જાણવાની તેઓ દરકાર નથી કરતા. એ દેશમાં બોલાતી ભાષા શીખવાનો પ્રયત્ન નથી કરતા. એ દેશ વિશે પૂરતી જાણકારી મેળવતા નથી. બસ, આંખ મીંચીને દોડવા લાગે છે. વિઝા કન્સલ્ટન્ટો એમને જે માર્ગે દોરે ત્યાં દોરાય છે. અનેકો જાણ હોવા છતાં ઈલ્લિગલી જે તે દેશમાં ઘૂસવા તૈયાર થાય છે. આ કારણે જ વિઝા કન્સલ્ટન્ટો એમને છેતરે છે.

હમણાં હમણાંથી એવું જાણવામાં આવ્યું છે કે ગુજરાતના અનેક લોકો, જેઓ અમેરિકામાં સ્થળાંતર કરવા ઈચ્છતા હતા, ગેરકાયદેસર ત્યાં ઘૂસવા ઈચ્છતા હતા એમને વિઝા કન્સલ્ટન્ટોએ લાખો રૂપિયામાં છેતર્યા છે અને અનેકોએ એમના જીવ પણ ખોયા છે.

જો તમારે અમેરિકામાં સ્થળાંતર કરવું હોય તો સૌપ્રથમ અંગ્રેજી ભાષા શીખવી જોઈએ. અમેરિકામાં બધો જ વ્યવહાર અંગ્રેજીમાં થાય છે. તમને એ દેશની ભાષા જ આવડતી ન હોય તો તમે એ દેશની પ્રગતિનો લાભ કેવી રીતે લઈ શકો? એ દેશમાં નોકરી અને વેપાર કેવી રીતે કરી શકો? એ દેશના દેશવાસીઓ જોડે કેવી રીતે ભળી શકો? જો તમારે અમેરિકામાં સ્થળાંતર કરવું હોય, સ્થળાંતર ન કરવું હોય, પણ ટૂંક સમય માટે ત્યાં વેપાર, નોકરી કે ફરવા જવું હોય, તો પણ અંગ્રેજી ભાષા આવડવી ખૂબ જ જરૂરી છે.

અમેરિકામાં જવાની ઈચ્છા ધરાવનારાઓ માટે બીજું પગલું છે તેઓ ત્યાં શા કારણસર જવા ઈચ્છે છે? શું કરવા ઈચ્છે છે? એ માટે કયા પ્રકારના વિઝાની જરૂરિયાત રહે છે? એ મેળવવા માટે શું શું લાયકાતો હોવી જોઈએ? આ સઘળી જાણકારીની અમેરિકાના ઈમિગ્રેશનના કાયદાના જાણકાર એડ્વોકેટ પાસેથી એ મેળવી લેવી જોઈએ. છાપામાં અમેરિકાના ઈમિગ્રેશન વિશેના લેખો આવે છે, એ વાંચવા જોઈએ. એ લેખકોનો સંપર્ક સાધીને વધુ જાણકારી મેળવવી જોઈએ. અમેરિકાના ઈમિગ્રેશનને લગતાં પુસ્તકો વાંચવાં જોઈએ. ટૂંકામાં તમે જે કારણસર અમેરિકા જવા ઈચ્છતા હો એ માટે કયા પ્રકારના વિઝાની જરૂરિયાત રહે છે અને એ મેળવવા માટે શું શું લાયકાત હોવી જોઈએ એ જાણી લેવું જોઈએ. પછી તપાસવું જોઈએ કે તમારામાં એ બધી લાયકાતો છે કે નહીં? જો ન હોય તો એ મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

અમેરિકા આજે વિશ્વનો સૌથી આગળ પડતો દેશ છે. ત્યાં કુદરતી તેમ જ માનવસર્જિત ફરવાનાં તેમ જ જોવાલાયક પુષ્કળ સ્થળો છે. ત્યાંની યુનિવર્સિટીઓમાં શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત થાય છે. નોકરી કરતાં કે હલકામાં હલકું કામ કરતા પણ કલાકના આઠ ડોલર એટલે કે 84એ ગુણતા દિવસના 5367 રૂપિયા મળી શકે છે. વેપાર કરવાની ત્યાં ઉત્તમ તકો છે. આ બધાનો જો લાભ લેવો હોય તો તમારે કાયદેસર જે પ્રકારનું કાર્ય કરવા ઈચ્છતા હોવ, એ માટે જે પ્રકારના વિઝા જરૂરી હોય એ મેળવીને ત્યાં પ્રવેશવું જોઈએ. જો ગેરકાયદેસર પ્રવેશ કરશો તો એ પ્રગતિશીલ અને 'તક ને છત'ના દેશનો ફાયદો નહીં થાય. ઊલટાનું તમારે ત્યાં લપાતાછુપાતા રહેવું પડશે. જો પકડાશો તો જેલમાં પણ જવું પડશે.

અમેરિકાના વિઝાના બે પ્રકારો છે. જો તમારે ત્યાં કાયમ રહેવા જવું હોય તો 'ઈમિગ્રન્ટ વિઝા' મેળવવાના રહે છે. જો કોઈ ખાસ કારણસર પ્રવાસી તરીકે, બિઝનેસમેન તરીકે, વિદ્યાર્થી તરીકે, નાટકો ભજવવાં, ધર્મનો ફેલાવો કરવા, નોકરી કરવા, આમ જુદાં જુદાં કારણોસર ટૂંક સમય માટે જવું હોય તો જુદા જુદા પ્રકારના 'નોન-ઈમિગ્રન્ટ વિઝા' મેળવવાની જરૂરિયાત રહે છે.

'વિઝા' એટલે તમારા પાસપોર્ટ ઉપર મારવામાં આવેલો એક થપ્પો. એ દેખાડીને તમે અમેરિકામાં પ્રવેશવાની માગણી કરી શકો છો. વિઝા હંમેશાં અમેરિકાની બહાર જ આપવામાં આવે છે. દરેક પ્રકારના નોન-ઈમિગ્રન્ટ વિઝા મેળવવાની લાયકાતો જુદી જુદી હોય છે. અમુક પ્રકારના નોન-ઈમિગ્રન્ટ વિઝા વાર્ષિક ક્વોટાની સંખ્યાથી મર્યાદિત હોય છે. અમુક પ્રકારના નોન-ઈમિગ્રન્ટ વિઝા મેળવવા માટે અમેરિકામાં પિટિશન દાખલ કરવાનું રહે છે. એ મંજૂર થાય પછી તમારા દેશમાં આવેલ અમેરિકન કોન્સ્યુલેટમાં ઈન્ટરવ્યૂ આપીને, લાયકાત પુરવાર કરીને વિઝા મેળવવાના રહે છે. વિઝા મળે એટલે અમેરિકામાં પ્રવેશ આપવામાં આવશે જ એવી કોઈ ગેરન્ટી નથી હોતી. વિઝા મળ્યા હોય અને તમે અમેરિકામાં પ્રવેશતાં હોવ એ સમયે જો ઈમિગ્રેશન ઓફિસરને જણાય કે તમે ખોટું બોલીને વિઝા મેળવ્યા છે કે તમારા સંજોગોમાં બદલાવ આવ્યો છે તો તેઓ તમને વિઝા હોવા છતાં અમેરિકામાં પ્રવેશવા નહીં દે.

ઈમિગ્રન્ટ વિઝા નવ જુદી જુદી રીતે પ્રાપ્ત કરી શકાય છે. ઈમિજિયેટ રિલેટિવ કેટેગરી, ચાર જુદી જુદી ફેમિલી પ્રેફરન્સ કેટેગરી, ચાર જુદી જુદી એમ્પ્લોયમેન્ટ બેઝ્ડ પ્રેફરન્સ કેટેગરી, રાજકીય આશરો, રેફ્યુજી સ્ટેટસ, વિઝા લોટરી, લશ્કરમાં ભરતી, એમ્નેસ્ટી અને 'સ્ટેન્ડઅલોન' અથવા 'રિજનલ સેન્ટ' 'EB-5 પ્રોગ્રામ' હેઠળ દસ લાખ પચાસ હજાર યા આઠ લાખ ડોલરનું ઈન્વેસ્ટમેન્ટ કરીને.

તમારે અમેરિકા જવું હોય તો ઈમિગ્રેશનના કાયદાની જાણકારી પછી જ અમેરિકા પ્રત્યે પ્રણાય કરો.

---

**પાના 11નું શેષ.... સારાંશ**

ભૌતિક ગ્રાહકવાદમાં પૃથ્વી પર માનવીમાત્ર માનવીને જ મહત્ત્વ આપી રહ્યો છે કારણ કે એ નફો કરાવે છે. સ્વાર્થભાવને વશ થઈ સૃષ્ટિ પરનાં કરોડો- અબજો જીવો અને સંસાધનોનું કોઈ મહત્ત્વ રહેવા દીધું નથી. સ્વાર્થી પ્રવૃત્તિઓએ પર્યાવરણ અને કુદરતી સાધનો-સ્ત્રોતોનું નિકંદન કાઢી નાંખ્યું છે, જે વૃત્તિ વહેલીમોડી ખુદ માનવીને જ ભારે પડવાની છે. શરૂઆત થઈ ચૂકી છે. અતિ સર્વત્ર વર્જયેત!

ધરતી પર સ્ત્રોતો-સંસાધનો અફાટ છે છતાં માનવીની લાલચ સામે મર્યાદિત છે. તેને વધુ વેડફી શકાય તેવી સ્થિતિ રહી નથી. જીન્સનું એક પેન્ટ બને એટલો કપાસ ઉગાડવા માટે 6814 લિટર પાણીની જરૂર પડે છે. આવા કરોડો પેન્ટ જરૂર ન હોય તો પણ લોકો ખરીદે છે. દુનિયાના અનેક પ્રદેશો પાણીની સખત ખેંચ ભોગવી રહ્યા છે. વાહનો, ઉદ્યોગો, આખરે માનવીની ભૌતિક ચીજો તેમ જ સુખસુવિધાઓ વધારવા માટે છે. તેનો વેડફાટ જળવાયુની વિકૃત સ્થિતિને વધુ વણસાવે. પર્યાવરણની સમતુલા ખોરવાઈ ગઈ છે. તેનાં કારણોમાં મુખ્ય કારણ ભૌતિક ચીજવસ્તુઓ પાછળની દોટ છે.

જેઓ જાણે છે તેઓને હવે આ દોટ અટકાવવાની અનિવાર્યતા સમજાઈ રહી છે. તેઓ ઉપાય તરીકે એ વિકલ્પ સ્વીકારતા થયા છે. જેનો માનવજાતે ભવિષ્યમાં વહેલો-મોડો અનિવાર્યપણે સ્વીકાર કરવો પડશે. જે વસ્તુ એક, બે કે પાંચની સંખ્યામાં હોય તો ચાલે એવી ચીજો શ્રીમંતો પાસે સેંકડો અને હજારોની સંખ્યામાં છે. જેઓ નવા નવા શ્રીમંત બન્યા હોય છે તેઓ વધુ અતિરેક કરે છે. જેમ કે ગાયક મીકાએ એક ફ્લાઈટની ફર્સ્ટક્લાસની બધી સીટો માત્ર પોતાને એકલા બેસવા માટે બુક કરાવી લીધી હતી. આવા શ્રીમંતો જગતમાં કરોડોની સંખ્યામાં છે. જેમની પાસે ડઝનબંધ મોટરકારો, સેંકડો-હજારો શર્ટ્સ, પેન્ટ્સ, જૂતાં, બેગ્સ ઉપરાંત સેલફોન્સ, ઘડિયાળો, સાડીઓ, શેમ્પુઓ, લિપસ્ટિક્સ છે. શું શું નથી હોતું? મોટા ભાગના વણવપરાયેલા પડ્યા રહે. અમેરિકનો- યુરોપીઅનો ડોનેટ કરે છે ત્યાં સુધી વાંધો નથી પણ મોટો જથ્થો કચરામાં લેન્ડફીલ્સમાં પણ જાય. શહેરોમાં આ ગાર્બેજના નિકાલની વ્યવસ્થાઓ ટૂંકી પડે છે. કેટલાક પર્યાવરણપ્રેમી શ્રીમંતો અને ઉચ્ચ મધ્યમ વર્ગના લોકો સમજદાર બન્યા છે. અતિરેકના ઉપાય તરીકે તેઓ એક મહિના માટે કે એક વરસ માટે અતિ આવશ્યક ચીજો સિવાય કશું જ નહીં ખરીદવાની ચેલેન્જ, જે 'નો-બાય મન્થ' અથવા 'નો-બાય યર' ચેલેન્જ તરીકે ઓળખાય છે તે સ્વીકારતા થયા છે. 2015 બાદ આવો એક ટ્રેન્ડ શરૂ થયો છે જે હમણાં હમણાં વધુ સ્વીકૃતિ મેળવી રહ્યો છે. જેમની પાસે વધારે છે તેઓ હવે એ ચીજ-વસ્તુઓથી કંટાળી ગયા છે. પર્યાવરણ નુકસાનનું આત્મભાન પણ થયું. જાપાન, ઓસ્ટ્રેલિયા, પશ્ચિમના દેશોમાં આ ટ્રેન્ડ વધી રહ્યો છે. ફાયદા અનેક છે. વ્યક્તિગત તેમ જ પર્યાવરણ બંને રીતે.

'નો બાય યર' ટ્રેન્ડ સાદગી, સરળતા, માનસિક સુઘડતા અને તંદુરસ્તી માટે સરાહનીય અને ઉપયોગી છે. બિનજરૂરી ચીજો ખરીદવામાંથી પરહેજી પાળવાનું શીખવે છે. ચીજવસ્તુઓની ઉપયોગિતા અને મૂલ્ય સમજાવે છે. બિનજરૂરી ચીજો ખરીદવી અને તે બગડે ત્યારે જે ગ્લાનિ થાય તે સ્થિતિમાંથી મુક્તિ મેળવી શકાય છે. નાણાંની પારાવાર બચત થાય છે જે માનસિક સલામતી બક્ષે છે. સ્વમાન, આત્મવિશ્વાસ વધે છે. બધા શ્રીમંતો કંઈ બિનજરૂરી રીતે નાણાં વેડફતાં હોતા નથી. તો કેટલાંક દેવું કરીને દેખાડો કરતા હોય છે. કેટલીક ચીજો તો વાપરતાં ન આવડતી હોય તો પણ દેવું કરીને ખરીદે. તેઓ ચેલેન્જ સ્વીકારે તો ક્રેડિટ કાર્ડના હપ્તાઓ અને ચક્કરોમાંથી બચી જાય. માનસિક શાંતિ વધે. સ્વમાન વધે. બચેલાં નાણાં કોઈ સારા હેતુ માટે વાપરી શકાય. પૃથ્વી અને પર્યાવરણ માટે ઉપયોગી બનતા હોવાનો ભાવ જાગે. બિનજરૂરી ચીજો સાચવવી અને ગોઠવવી જેવી જફાઓમાંથી મુક્તિ મળે. મગજમાં અને ઘરમાં કચરો ઓછો હોય તો બીજા મહત્ત્વનાં સારાં કામો માટે સમય અને ઊર્જા મળી રહે. પ્રત્યેક અમેરિકન વરસે દહાડે સરેરાશ 18 હજાર ડોલર (લગભગ 15 લાખ રૂપિયા)ની બિનજરૂરી ચીજવસ્તુઓ ખરીદે છે, જે વણવપરાયેલી પડી રહે છે અને ખરીદનાર પાછળથી પછતાવો કરતો રહે છે. ઈંગ્લેન્ડમાં લોકો બિનજરૂરી સ્કીમો, ક્રેડિટ કાર્ડસ વગેરે ખરીદી લે છે અને સાથે તાલ મિલાવી શકતા નથી પરિણામે છૂપા ખર્ચ (હીડન કોસ્ટ), રદ થયેલાં લવાજમો, પેનલ્ટી વગેરેના રૂપમાં વરસે 129 અબજ પાઉન્ડ (લગભગ 13 હજાર અબજ રૂપિયા) જેવી અઘધ રકમ કશો ફાયદો મેળવ્યા વગર જ ગુમાવે છે. નો-બાય યર પાળવામાં આવે તો આ બધી પળોજણો, ઝંઝટ અને અશાંતિમાંથી મુક્તિ મળે છે. પૈસા બચી જાય છે. આવા પ્રકારના ઘણા લોકોને તેમ જ ખરીદી કરવાના વ્યસનમાં સપડાઈ ગયેલા લોકોને માનસિક સારવારની જરૂર પડે છે.